Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૮ ● સળંગ અંક : ૧૧૧૬ ● પ્રકાશિત તા-૨૨-૫-૨૦૨૬,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## ગુજરાતની ધમાકેદાર જીત, પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈ પ્લેઓફમાંથી બહાર..!!

આઈપીએલ-૨૦૨૬માં ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સામે ૮૯ રન દમદાર જીત મેળવી છે. ગુજરાતે પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૨૯ રન નોંધાવ્યા હતા, જેની સામે ચેન્નાઈની ટીમ માત્ર ૧૪૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. ગુજરાત તરફથી સાંઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોશ બટલરે ફિફ્ટી ફટકારી જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તો મોહમ્મદ સિરાજ, કાગીશો રબાડા અને રાશિદ ખાને દમદાર બોલિંગ કરીને ચેન્નાઈને સસ્તમાં ઓલઆઉટ કરી દીધું છે. ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૮૯ રનના વિશાળ અંતરથી હરાવ્યું છે. ગુરુવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ટૉસ હારતા પહેલા બેટિંગ કરવા ઉતરેલી ગુજરાતે સાઈ સુદર્શન, શુભમન ગિલ અને જોસ



બટલરની અડધી સદીની ઈનિંગ્સની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૨૨૯ રન બનાવ્યા હતા.

ગુજરાત ટાઈટન્સની ઈનિંગ્સમાં ઓપનિંગ બેટર સાઈ સુદર્શન ૪૬ બોલમાં ૭ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી અણનમ ૬૮ રન, કેપ્ટન શુભમન ગિલે તોફાની બેટિંગ કરતા ૩૭ બોલમાં ૭ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકારી ૬૪ રન, જોસ બટલરે માત્ર ૧૩ બોલમાં ૧ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી અણનમ ૨૮ રન નોંધાવ્યા હતા.

આઈપીએલ-૨૦૨૬ના લેટેસ્ટ પોઈન્ટ્સ ટેબલ અનુસાર, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ૧૩ મેચોમાંથી ૯ મેચ જીતી ૧૮ પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને, ગુજરાત ટાઈટન્સ ૧૪ લીગ મેચોમાંથી ૯ જીતી ૧૮ પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને, સનરાઈઝર્સ હૈદરાબાદ ૧૩ મેચમાંથી ૧૬ પોઈન્ટ સાથે ત્રીજા અને રાજસ્થાન રોયલ્સ ૧૩ મેચમાંથી ૧૪ પોઈન્ટ સાથે ચોથા સ્થાને પ્લેઓફની રેસમાં બનેલા છે.

ADMISSION OPEN for JUNE 2026 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)
ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી ડો.અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ
વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)
નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

હવેથી નવા સરનામે મળીશું
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company
Costly Medicines & Injectables at LOW COST
● કેન્સર ● કીડની ● કીમોથેરાપી
● એચઆઈવી ● ન્યુરો ● લીવર
● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ● ઈમરજન્સી
● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો
● ટ્રાન્સપ્લાન્ટ ● ગેસ્ટ્રો ● લાઈફ સેવિંગ
● બ્લડ પ્રોડક્ટ ● દવાઓ અને ઈન્જેક્શન
● વેક્સીન
Pan India Delivery
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Fast Delivery
SCAN FOR LOCATION
૦૨, અંકુર સોસાયટી (વિભાગ-૧), GHB કોમ્પ્લેક્સની સામે, અંકુર ચાર રસ્તા પાસે, અંકુર, નારણપુરા,અમદાવાદ-૧૩.
9978661661, 9375047120

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### બે યુવકો ગંભીર, ડ્રાઈવર સરન્ડર

# રાણીપમાં ડી-માર્ટ પાસે બીઆરટીએસ અને બાઈક વચ્ચે અકસ્માત

અમદાવાદ : શહેરમાં વાહનચાલકોની બેદરકારી અને સ્પીડના કારણે માર્ગ અકસ્માતોનો ગ્રાફ સતત વધી રહ્યો છે. શહેરના રાણીપ વિસ્તારમાં એક દિલધડક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં પુરપાટ ઝડપે આવતી બીઆરટીએસ બસે એક બાઈકને જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માત બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હોવાનું મનાય છે.

રિપોર્ટ મુજબ, અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલા ડી-માર્ટ નજીક બાઈક સવાર વ્યક્તિઓ પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપે આવતી બીઆરટીએસ બસ સાથે તેમનું બાઈક અથડાયું હતું. આ અકસ્માતમાં ટક્કર એટલી જોરદાર હતી કે વ્યક્તિઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા. જ્યારે બાઈક બસના નીચે આવી ગયું હતુ. આ બનાવને પગલે આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા




હતા અને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી છે. જ્યારે મૃતકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો. આ અકસ્માતને કારણે રાણીપ વિસ્તારના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

આ દુર્ઘટના સર્જાયા બાદ તરત જ રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જેના કારણે રોડ પર મોટા પ્રમાણમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ પકડાઈ જવાના ડરથી હોબાળો મચતા જ બીઆરટીએસ બસનો ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો અને પછી પોલીસ સમક્ષ સ્ટેશને હાજર થઇ ગયો હતો. ટ્રાફિક પોલીસે બસના ડ્રાઈવર સામે ગુનો નોંધી તેની કાયદેસર અટકાયત કરી છે. પોલીસ પૂછપરછમાં ડ્રાઈવરે બચાવ કર્યો હતો કે બાઈક ચાલક અચાનક જ કટમાંથી બસની સામે આવી ગયો હોવાથી બ્રેક મારવા છતાં અકસ્માત સર્જાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ સ્થળે અગાઉ પણ અકસ્માતો થતા હોવાથી ટ્રાફિક પોલીસે આ જોખમી કટ કાયમી ધોરણે બંધ કરાવ્યો હતો, પરંતુ તે ફરી ખુલી જતાં આજે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો.

### ઘરકામ કરતી મહિલા અને તેનો મિત્ર ઝડપાયા

# વાડજ પોલીસે ૨૧ તોલા સોનાના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલ્યો

અમદાવાદ : અમદાવાદ શહેરના વાડજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે એક મોટી સફળતા મેળવીને ઘરમાંથી થયેલી ૨૧તોલા સોનાના દાગીનાની ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોરીમાં ગયેલ લાખો રૂપિયાનો મુદ્દામાલ રિકવર કરી બે આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં ફરિયાદીના ઘરે જ કચરા-પોતાનું કામ કરતી એક મહિલા પણ સામેલ છે.

રિપોર્ટ મુજબ, નવા વાડજમાં આવેલ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર સોસાયટીમાં દ્રઈં મહિલાના ઘરમાં ગત તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫થી ૧૫ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી કબાટમાંથી ૨૧ તોલા જેટલા સોનાના દાગીનાની ચોરી કરી હતી. ચોરી ગયેલા દાગીનાની કુલ કિંમત અંદાજે રૂ. ૨૧ લાખ હોવાનું સામે આવ્યું હતું. આ અંગે વાડજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ હાથ ધરાઈ હતી.આ કેસમાં વાડજ પોલીસે જયદીપ



સુરેશભાઈ સોલંકી, રહે. રામાપીરનો ટેકરો, જુના વાડજ અને પાયલ મનુભાઈ પરમાર, રહે. આકાશગંગા સોસાયટી, નવા વાડજની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે ઘરકામ કરતા યુવકે પોતાની મિત્ર સાથે મળીને ચોરીને અંજામ આપ્યો હતો. આરોપીઓએ ઘરની અંદરની માહિતીનો લાભ લઈ કિંમતી સોનાના દાગીનાની ચોરી કરી હતી.

પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ.૧૭,૩૬,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં અંદાજે ૨૧ તોલા સોનાના કિંમતી દાગીનાનો સમાવેશ થાય છે. સોનાની ચેન, વીંટી, બંગડી, બ્રેસલેટ સહિતના દાગીના પોલીસે જપ્ત કર્યા છે. ચોરી બાદ આરોપીઓ મુદ્દામાલ છુપાવી ફરાર થવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ પોલીસની સતર્ક કામગીરીના કારણે તેઓ ઝડપાઈ ગયા હતા.

વાડજ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. પોલીસે ચોરીના તમામ મુદ્દામાલ સાથે બંને આરોપીઓને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓએ અગાઉ પણ આવી ચોરીઓ કરી છે કે નહીં તે દિશામાં પૂછપરછ ચાલી રહી છે. ઘટનાના ભેદ ઉકેલાતા સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

### AMC અને Google વચ્ચે મોટી ભાગીદારી

# ૧૩૨ ફૂટ રિંગ રોડ સહિતના રોડ પર હવે ગૂગલ મેપ્સ કરશે ટ્રાફિક કંટ્રોલ!

અમદાવાદ : અમદાવાદીઓને હવે ટ્રાફિકની સમસ્યાથી લોકોને મોટી રાહત મળશે. ટ્રાફિક મેનેજમેન્ટને સ્માર્ટ બનાવવા માટે AMC દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હવે ટ્રાફિક કંટ્રોલ કરવા માટે ગુગલ મેપ્સની આધુનિક છૈં ટેક્નોલોજીનો ઉપયોગ કરશે. આ માટે AMC અને Google વચ્ચે ભાગીદારી થઈ છે, જેમાં ગુગલ મેપ્સના પ્લેટફોર્મ રોડ મેનેજમેન્ટ ઈનસાઈટ એટલે કે RMI નો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે.

આ પ્રોજેક્ટની મદદથી કમાન્ડ કંટ્રોલ રૂમમાં શહેરના રસ્તાઓનું રિયલ-ટાઇમ મોનિટરિંગ થશે.



કયા રસ્તા પર કેટલા વાહનો છે, વાહનોની સ્પીડ કેટલી છે, અચાનક બ્રેક ક્યાં વાગી રહી છે અને ક્યાં ખાડા કે પાણી ભરાયા છે... આ તમામ વિગતો લાઈવ જોવા મળશે. આ બધો જ ડેટા ગુગલ મેપનો ઉપયોગ કરતા કરોડો યુઝર્સની અનામી માહિતી પરથી તૈયાર કરવામાં આવશે.

શરૂઆતમાં આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત SG હાઈવે, SP રિંગ રોડ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, તેમજ કાલુપુરથી નરોડા, એરપોર્ટ અને ગીતામંદિર સહિતના શહેરના અત્યંત વ્યસ્ત કોરિડોરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડેટા આધારિત આ સિસ્ટમથી અમદાવાદ ખરા અર્થમાં એક સ્માર્ટ મોબિલિટી સિટી બનવા તરફ આગળ વધી રહ્યું છે.









# બિલ્ડર સમયસર કબ્જો ન સોંપે તો ગ્રાહકને સંપૂર્ણ રિફંડ ચુકવવું પડે : ગુજરેરાનો ચુકાદો

**ઓથોરિટીએ ફરિયાદી ગ્રાહકના પક્ષમાં ચુકાદો આપીને પૂરેપૂરી રકમ વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે પરત કરવાનો આદેશ કર્યો, ચુકાદાના ૪૫ દિવસની અંદર આ ૪૦,૦૦,૦૦૦ રૂપિયાની રકમ અને તેના પર ચૂકવણીની તારીખથી ગણીને વાર્ષિક ૯ ટકા લેખે થતું વ્યાજ ફરિયાદી ગ્રાહકના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના હાઉસિંગ લોન એકાઉન્ટમાં સીધું જમા કરાવવું પડશે...**

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : વડોદરાના સેવાસી વિસ્તારમાં બહુચર્ચિત રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ 'પ્રિયા ક્રોસ રોડેસ' ના બિલ્ડર સામે ગુજરાત રાજ્ય રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) દ્વારા એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે.પ્રોજેક્ટના પ્રમોટર મેસર્સ શિરીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રાહકને સમયસર ફ્લેટનો કબજો સોંપવામાં નિષ્ફળ રહેતા ઓથોરિટીએ ફરિયાદી ગ્રાહકના પક્ષમાં ચુકાદો આપીને પૂરેપૂરી રકમ વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે પરત કરવાનો આદેશ કર્યો છે. રેરા ઓથોરિટીના સભ્ય ડો. એમ. ડી. મોડિયાની કોરમ સમક્ષ આ મામલાની સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

રિપોર્ટ મુજબ, આ કેસની વિગત એવી છે કે ફરિયાદી શ્રીમતી રેશમા કનૈયાલાલ અશનાનીએ સેવાસી ગામના ટી.પી. સ્કીમ નંબર ૩ ના પ્લોટ નંબર ૭૦ પર બની રહેલી 'પ્રિયા ક્રોસ રોડસ' નામની સ્કીમમાં ફ્લેટ નંબર બી-૬૦૪ કુલ ૪૦,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતમાં બુક કરાવ્યો હતો.આ અંગે ગ્રાહક અને બિલ્ડર વચ્ચે તારીખ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ કરાર (કબજા રહિત) કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ પોતાના તરફથી કુલ નક્કી થયેલી ૪૦ લાખ રૂપિયાની રકમ પ્રમોટરને ચૂકવી આપી હતી, જેમાં પાંચ લાખ રૂપિયા ચેકથી અને બાકીના ૩૫ લાખ રૂપિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) માંથી મેળવેલી હાઉસિંગ લોન દ્વારા ચૂકવવામાં આવ્યા હતા.

રજીસ્ટર્ડ બાનાખત કરારની શરતો અનુસાર, પ્રમોટરે ફ્લેટનો કબજો તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં સોંપી દેવાનો હતો. જો કે, બિલ્ડર આ સમયમર્યાદામાં મકાન વપરાશનું પ્રમાણપત્ર (BU પરમિશન) મેળવવામાં અને ગ્રાહકને કાયદેસર રીતે કબજો ઓફર કરવામાં નિષ્ફળ ગયા હતા. બિલ્ડરે વડોદરા મહાનગરપાલિકા પાસેથી છેક ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ આ પ્રમાણપત્ર મેળવ્યું હતું. આ લાંબા વિલંબ અને બાંધકામની ગુણવત્તાના પ્રશ્નોને કારણે ગ્રાહકે રેરા એક્ટની કલમ ૧૮(૧) હેઠળ પ્રોજેક્ટમાંથી મુક્ત થઈને પોતાના નાણાં વ્યાજ સહિત રિફંડ મેળવવા માટે ફરિયાદ દાખલ કરી હતી. સામે પક્ષે બિલ્ડર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે કરારની શરતો મુજબ જો ગ્રાહક બુકિંગ રદ કરાવવા માંગતા હોય તો પાંચ લાખ રૂપિયાની ડિપોઝિટ જપ્ત કરવાનો બિલ્ડરને અધિકાર છે. વધુમાં બિલ્ડરે દલીલ કરી હતી કે ગ્રાહકે જીએસટી, મેન્ટેનન્સ અને સ્ટેમ્પ ડ્યુટી જેવા વધારાના ચાર્જીસ ચૂકવ્યા ન હતા.જો કે, રેરા ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું કે, બિલ્ડર પોતે નિયત સમયમર્યાદામાં કબજો આપવામાં નિષ્ફળ રહ્યા હોવાથી તેઓ ગ્રાહકની રકમમાંથી કોઈ પણ પ્રકારની કપાત કે જપ્તી કરવા માટે હકદાર નથી અને ગ્રાહક સંપૂર્ણ રિફંડ મેળવવા માટે કાયદેસર લાયક ઠરે છે.

આ કેસની ગંભીરતા અને બેંક લોનની સંડોવણીને ધ્યાનમાં રાખીને રેરા ઓથોરિટીએ પબ્લિક મનીની સુરક્ષા કાજે એક ખાસ વ્યવસ્થા નક્કી કરી છે. ઓથોરિટીએ બિલ્ડર મેસર્સ શિરીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સખત આદેશ કર્યો છે કે તેમણે ચુકાદાના ૪૫ દિવસની અંદર આ ૪૦,૦૦,૦૦૦ રૂપિયાની રકમ અને તેના પર ચૂકવણીની તારીખથી ગણીને વાર્ષિક ૯ ટકા લેખે થતું વ્યાજ ફરિયાદી ગ્રાહકના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના હાઉસિંગ લોન એકાઉન્ટમાં સીધું જમા કરાવવું પડશે.

બેંકને પણ એવી સૂચના આપવામાં આવી છે કે આ રકમ જમા થયા બાદ લોનની બાકી નીકળતી તમામ લેણી રકમ વસૂલ કરી લીધા પછી જો કોઈ રકમ વધે, તો તે ફરિયાદી શ્રીમતી રેશમા અશનાનીને પરત કરી દેવી.આ સાથે જ બંને પક્ષો વચ્ચે થયેલો જૂનો રજીસ્ટર્ડ વેચાણ કરાર રદ જાહેર કરવામાં આવ્યો છે. જો આ ચુકાદાથી કોઈ પક્ષ સંતુષ્ટ ન હોય, તો તેઓ આગામી ૬૦ દિવસમાં ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરી શકે છે.

# અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં EV વાહનોનો ક્રેઝ વધ્યો? જાણો વેચાણમાં થયેલા ધરખમ વધારાના આંકડા અને કારણો!

પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો અને માર્કેટમાં આવી રહેલ નવા મોડલોને કારણે રાજ્યમાં EV ના વેચાણમાં વધારો નોંધાયો છે. રાજ્યમાં ઈલેક્ટ્રિક વાહનો પ્રત્યે લોકોનો ઝુકાવ સતત વધી રહ્યો છે. ઓટોમોબાઈલ ક્ષેત્રના નિષ્ણાતો મુજબ પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ પર્યાવરણ પ્રત્યે લોકોમાં વધતી જાગૃતિ અને સરકાર દ્વારા આપવામાં આવતી પ્રોત્સાહક નીતિઓના કારણે EV વાહનોની માંગમાં તેજી આવી છે.

વર્ષ ૨૦૨૬ માં જ્યારે મિડલ ઈસ્ટમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો જોવા મળ્યો છે સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ EV ચલાવવા પર ભાર મૂક્યો છે ત્યારે EV વાહનો અંગેની પૂછપરછમાં ૨૦૦થી ૩૦૦ ટકા સુધીનો વધારો નોંધાયો છે સાથે રિટેલ વેચાણ દર મહિને ૫૦ ટકા કરતાં વધુ ગતિએ વધી રહ્યું છે. ડેટા ની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૨૫ માં ગુજરાતમાં ૬૬૫૩૮ અને અમદાવાદમાં ૧૬૬૪૫ EV વાહનોનું વેચાણ થયું હતું જ્યારે વર્ષ ૨૦૨૬ ના જાન્યુઆરીથી મે દરમિયાન ફક્ત પાંચ મહિનામાં ગુજરાતમાં ૩૮૫૯૬ અને અમદાવાદમાં ૯૪૭૬ EV વાહનોનું વેચાણ થયું છે.એટલે કે માસિક વાહનનું વેચાણ ૮૫૧૭ રહેતા રાજ્યમાં ૫૫% જ્યારે અમદાવાદમાં ૫૨% વધારો જોવા મળ્યો છે.

દર મહિને નવી EV કાર અને ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરના મોડલ બજારમાં લોન્ચ થઈ રહ્યા છે. હવે લગભગ તમામ મોટી ઓટોમોબાઈલ કંપનીઓએ પોતાના EV મોડલ રજૂ કર્યા છે. સાથે જ કેટલાક નવા EV ઉત્પાદકો પણ ગુજરાત સહિત ભારતીય બજારમાં પ્રવેશી રહ્યા છે જેના કારણે ગ્રાહકોને વધુ વિકલ્પો મળી રહ્યા છે અને તેની અસર વેચાણ પર પડી રહી છે. સરકાર ફરીવાર સબસીડી શરૂ કરે તો વેચાણ ૮૦ % વધી જવાની સંભાવના ઓટો એક્સપર્ટ કરી રહ્યાં છે.

નિષ્ણાતોનું માનવું છે કે EV ક્ષેત્રના વિકાસ માટે ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે. આગામી બે વર્ષમાં EV વાહનોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં વધુ EV ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. રાજ્ય સરકાર અને ખાનગી કંપનીઓ દ્વારા આ દિશામાં પ્રયત્નો પણ તેજ બન્યા છે. કેટલીક કંપનીમાં EV મોડલ માટે માંગ વધુ અને સપ્લાય ઓછી હોવાને કારણે વેઈટિંગનો સમય પણ વધ્યો છે.









# એસ.જી. હાઈવે પર તંત્રનો નવતર પ્રયોગ, સિગ્નલ બંધ, સીધા ક્રોસિંગ પર નો-એન્ટ્રી...

### પેલેડિયમ મોલ જંકશન અને ઈસ્કોન મંદિર નજીક પ્રાયોગિક ધોરણે આ કામગીરી કરવામાં આવી



અમદાવાદ :અમદાવાદના એસ.જી. હાઈવે પર રોજ પીક અવર્સમાં થતો ટ્રાફિક નિવારવા માટે તંત્રએ નવો પ્રયોગ શરૂ કર્યો છે. ઑફિસ છૂટવાના સમયે કે વીકેન્ડમાં એસ.જી. હાઈવે પરથી પસાર થવું એટલે ટ્રાફિક જામ, બળતું મોંઘું ઈંધણ અને સમયનો બગાડ. એવામાં એસ.જી. હાઈવેના બે સૌથી વ્યસ્ત જંક્શન પર નવું ટ્રાફિક મેનેજમેન્ટ મોડલ ટ્રાયલ બેઝ પર શરૂ કરાયું છે.

રિપોર્ટ મુજબ, એસજી હાઈવે પર મોટા જંકશન ઉપર ઓવર બ્રિજ બનાવવામાં આવ્યા છે, ત્યારે હવે ઓવર બ્રિજની નીચે આવેલા ચાર રસ્તાને પણ બંધ કરીને ત્યાંના ટ્રાફિકને દૂર કરવા માટે લોખંડના ડ્રમ અને પ્લાસ્ટિકના રોડ બેરિયર્સ મૂકી ટ્રાફિક સમસ્યા દૂર કરવાનો પ્રયોગ હાથ ધર્યો છે. પેલેડિયમ મોલ જંકશન અને ઈસ્કોન મંદિર નજીક પ્રાયોગિક ધોરણે આ કામગીરી કરવામાં આવી છે અને ત્યારબાદ આખા એસજી હાઈવે પરના તમામ જંકશન પર આ પ્રકારે ડ્રમ મૂકી અને યુ ટર્ન લઈ લોકોને અવર-જવર કરવી પડશે.

એસજી હાઈવે પર બ્રિજની નીચે પણ અનેક મોટા જંકશન આવેલા છે. ચાર રસ્તા ઉપર ક્યાંય પણ વાહનો ઉભા ન રહે તેમજ વાહનો સતત ચાલ્યા કરે અને ચારેય દિશામાંથી સિગ્નલફ્રી ટ્રાફિક સરળતાથી પસાર થઈ શકે તે હેતુસર આ કામગીરી શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને ટ્રાફિક જામ, અકસ્માતોની શક્યતાઓ અને વાહનોની અનિયમિત અવરજવર જેવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને નિષ્ણાત કન્સલ્ટન્ટ તથા ટ્રાફિક પોલીસના સૂચનોના આધારે આ આયોજન અમલમાં કરવામાં આવ્યું છે.

જોકે મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ દ્વારા આ બે સ્થળો પર આ પ્રકારે આયોજન કરીને ટ્રાયલ બેઝ તરીકે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા આ કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જો આ પ્રયોગ સફળ સાબિત થશે તો શહેરના અન્ય જંકશનો ઉપર પણ આવી ટ્રાફિક મેનેજમેન્ટ વ્યવસ્થા અમલમાં મૂકવાની યોજના પર વિચારણા કરવામાં આવશે.

# અમદાવાદમાં લક્ઝુરિયસ કારમાંથી ૨ કિલો હાઈબ્રિડ ગાંજો જપ્ત, એક શખસની ધરપકડ




અમદાવાદ : અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા વિજય ચાર રસ્તા પાસેથી ક્રાઈમ બ્રાન્ચની એસઓજી ટીમે બાતમીના આધારે ૨૬ વર્ષના યુવકની ધરપકડ કરી છે. નારણપુરા વિસ્તારમાં રહેતા હાર્દિક કલાલ નામના યુવકને પોલીસે શંકાસ્પદ હાલતમાં અટકાવી તેની તપાસ કરતાં અંદાજે ૧ કિલો ૯૭૫ ગ્રામ વજનનો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૬૯.૧૨ લાખ રૂપિયા જેટલી આંકવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી હાર્દિક કલાલ આટલો મોટો જથ્થો લઈને લક્ઝુરિયસ મર્સિડીઝ કારમાં ફરી રહ્યો હતો. પોલીસે ડ્રગ્સની સાથે આ ૧૦ લાખની કિંમતની મર્સિડીઝ કાર પણ જપ્ત કરી છે, આમ કુલ ૭૯ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તેને આ ગાંજાનો જથ્થો રાજસ્થાનના પ્રદીપ કલાલ નામના શખસે સપ્લાય કર્યો હતો. આટલી મોટી માત્રામાં ડ્રગ્સ અમદાવાદમાં ક્યાં અને કોને પહોંચાડવાનું હતું, તે દિશામાં એસઓજી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ મામલે ડીસીબી પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની ઓળખ હાર્દિક અશોકકુમાર કલાલ તરીકે કરી છે, જે હાલ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા સ્વાસ્તિક રેસિડેન્સીમાં રહે છે. તે મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનો વતની છે. રાજસ્થાનથી ડ્રગ્સનું નેટવર્ક કઈ રીતે અમદાવાદ સુધી સક્રિય છે, તે જાણવા માટે પોલીસે પ્રદીપ કલાલની શોધખોળ શરૂ કરી છે. હાલ આરોપીની ધરપકડ કરી તેને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરાઈ છે, જેથી આ ડ્રગ્સ રેકેટના અન્ય સૂત્રધારોના નામ પણ ખૂલી શકે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.